
# યુક્રેન - રશિયા વચ્ચેના ભીષણ યુદ્ધના તબાહીની તસવીરો













# એસીમાં બેસી ઓર્ડર કરતા હોય તેવા નેતાની જરૂર નથી

**કોંગ્રેસની ચિંતન શીબીરમાં બોલ્યા રાહુલ ગાંધી : ગુજરાતની તાકાત નાના અને મધ્યમ ઉદ્યોગો હતા, નરેન્દ્ર મોદીએ તે તાકાત તોડી નાખી છે : રાહુલ ગાંધી**

દ્વારકા, તા.૨૬

રાહુલ ગાંધી આજે ગુજરાતની મુલાકાતે છે. તેમણે ગુજરાત કોંગ્રેસમાં હાલ ચાલી રહેલા અસંતોષ અને રાજીનામાના દોર વચ્ચે આ મુલાકાત લીધી છે. જેના કારણે આ તેમની મુલાકાત ખુબ જ મહત્વની માનવામાં આવી રહી છે. તેવામાં રાહુલ ગાંધીને અનેક અસંતોષ હોય તેવા નેતાઓ પણ રજુઆત કરે તેવી શક્યતાઓને જોતા આ મુલાકાત ખુબ જ મહત્વની છે. તેવામાં રાહુલ ગાંધીએ મીડિયા સાથે પણ ચર્ચા કરી હતી. અહીં રાહુલ ગાંધીએ જણાવ્યું કે, હું જ્યારે પણ ગુજરાત આવું છું ત્યારે ખુબ જ સારૂ લાગે છે. દર વખતે કંઈક નવું શિખવા મળે છે. ગુજરાત કોંગ્રેસ અને ગુજરાતીઓ હંમેશા અલગ જ રીતે કામ કરી રહ્યા છે. ગુજરાત કોંગ્રેસ ગુજરાતથી જ ઉદ્ભવી છે. હું આજે ભગવાન કૃષ્ણની નગરીમાં આવ્યો છું ત્યારે મને એક કિસ્સો યાદ આવે છે કે, ભગવાન કૃષ્ણએ એક વાર મહાભારતના યુદ્ધ પહેલા દુર્યોધનને પુછ્યું કે તારે શું જોઈએ છે ત્યારે દુર્યોધને તેમને જણાવ્યું હતું કે, મારે તમારી સેના જોઈએ છે. તેમ આજે અમારી સેના દુર્યોધન જેવો પક્ષ લઈ રહ્યો છે. પણ અમને તો ગુજરાતની કૃષ્ણરૂપી જનતા પર ભરોસો છે.

હાલ સરકાર સીબીઆઇ, મિડીયા, ઈડી, સારા કપડા પહેરે છે પરંતુ આપણે સત્ય સાથે રહેવુ પડશે. મારા પર દાદા ગાંધીજી સાથે કામ કરતા હતા. મે એક પત્ર વાંચ્યો હતો જે નહેરુ માટે લખ્યો હતો. ભાજપનું રાજકારણ ગુજરાતને નુકસાન કરે છે. વ્યવસાય ગુજરાતની તાકાત છે. તમારે લોકોએ આને સંભાળવાનું છે. ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણી અંગે રાહુલ ગાંધીએ નિવેદન આપ્યું હતું. આ ચૂંટણી કોઈ સમસ્યા છે જ નહિ પરંતુ ચૂંટણી આપણે જીતી ચૂક્યા છીએ. સમસ્યા એ છે કે તમે તે માની નથી શકતા. તમે અહી લડો છો એટલે મોદી સામે થોડો આત્મવિશ્વાસ ઓછો છે. કોરોના મહામારી અંગે રાહુલ ગાંધીએ પ્રહારો કર્યા હતા કે, કોરોનાના કારણે ગુજરાતમાં અસંખ્ય લોકોના મૃત્યુ અવ્યવસ્થાને કારણે સર્જાયા છે. ગુજરાત મોડેલની વાત કરવામાં આવે છે પણ આ મોડલની હાલત કોરોના કાળમાં શું થઇ તે સૌકોઈએ જોઈ છે. હાલ ગુજરાત મોડેલ ઓક્સિજન પર છે.

ગુજરાતની તાકાત નાના અને મધ્યમ ઉદ્યોગો હતા. નરેન્દ્ર મોદીએ તે તાકાત તોડી નાખી છે. ૪ - ૫ લોકો ગુજરાત ચલાવે છે. કોગ્રેસ પાર્ટીને જીતાડવા માંગે છે. કોગ્રેસ શું કરશે અને કંઇ રીતે કરશે કયા લોકો કયા કામને પુરુ કરશે તે લોકો સુધી પહોંચાડવાનું છે. કન્ફ્યુઝન દુર કરવાના છે. રાહુલ ગાંધીનું પક્ષા પલટા અંગે જણાવ્યું કે, ભાજપ હજુ કેટલા લોકોને લઇ જશે.

ભાજપને જેટલા જોઈએ એટલા લઈ જાઓ. અમે તમને ભેટ આપીએ છીએ. એમએસએમઇ ગુજરાતની તાકાત છે. તેમણે ગુજરાતની કરોડરજ્જુ તોડી નાંખી. ગુજરાતીઓ બધુ સારી રીતે જાણે છે. પગ પકડવા અને હાથ જોડવા ભાજપનું કામ છે. આપણે કોઈના પગ પકડવાની જરૂર નથી. જે લોકો કામ કરશે તે જ આગળ આવશે. જે કામ નહિ કરે તેમને સાઈડમાં કરી દો તેવી સ્પષ્ટ સુચના રાહુલ ગાંધીએ આપવાની સાથે હુંકાર કર્યો હતો. મારા માટે ૩૦ મજબુત નેતાઓ બસ છે. જે એસિમાં બેસીને વાતો કરે છે તેવા લોકોને પેક કરીને ભાજપને ગીફ્ટ આપી દો. જે જમીન પર કામ કરી શકે તેવા નેતાઓની જ જરૂર હતી છે અને રહેશે. ૩૦ મજબુત ખભાની જરૂર છે.

## દ્વારકામાં રાહુલ ગાંધી કાઠિયાવાડી ડીશ જમ્યા

કોંગ્રેસની ચિંતન શીબીરમાં આવેલા રાહુલ ગાંધીએ કાઠીયાવાડી ભોજનનો આનંદ લીધો હતો. એક ખાનગી રેસ્ટોરન્ટમાં સામાન્ય માણસની જેમ જ બેસીને રાહુલ ગાંધીએ કાઠીયાવાડી ભોજનનો આસ્વાદ માણ્યો હતો. તેની સાથે અન્ય કોંગ્રેસી નેતાઓ પણ જોડાયા હતા. તમામ કોંગ્રેસી આગેવાનોએ ભોજન લીધું હતું. કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ જગદીશ ઠાકોર, અર્જૂન મોઢવાડીયા, અમિત ચાવડા, હાર્દિક પટેલ, શક્તિસિંહ ગોહિલ, ભરત સોલંકી સહિતનાં નેતાઓ સાથે બેસીને રાહુલ ગાંધીએ ભોજન માણ્યું હતું. રાહુલ ગાંધીએ ગુજરાતી શાક, રોટલી, દાળ ભાતનો આસ્વાદ લીધો હતો. ગુજરાતી થાળી જમીને તેમણે આનંત વ્યક્ત કર્યો હતો. રેસ્ટોરન્ટના માલિકે જણાવ્યું કે, કોઇ નિર્ધારિત કાર્યક્રમ નહોતો અમને ખબર પણ નહોતી. રાહુલ ગાંધી મંદિરે દર્શન કરવા માટે ગયા તેથી અમે પણ બહાર નિકળ્યાં હતા. અચાનક રાહુલ ગાંધીનો કાફલો નિકળ્યો હતો.

## કલેક્ટર કચેરી સંકુલમાં લાંચરૂશ્વત બ્યુરોના સંપર્ક માટેના પોસ્ટર લગાડવા રજૂઆત

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લા કલેક્ટર કચેરીના સંકુલ તથા કલેક્ટરના તાબા હેઠળની તમામ કચેરીઓમાં અંદર તથા બહારના ભાગે "જાહેર સેવક" ગેરકાયદેસરરીતે નાણાંની માંગણી કરે ત્યારે લાંચરૂશ્વત વિરોધી બ્યુરોને જાણ કરવા અંગે સંપર્ક સાધવા માટેના પોસ્ટર લગાડવા શહેરના વકીલ હિતેશ બી. રાવલ દ્વારા કલેક્ટર ડૉ. કુલદીપ આર્યને રજૂઆત કરી છે. જો જાહેરસેવક રૂબરૂ કે ત્રાહિત વ્યક્તિ મારફતે પણ નાણાંની માંગણી કરે તો અરજદાર કે લાભાર્થી લાંચરૂશ્વત વિરોધી બ્યુરોનો સંપર્ક સાધી શકે તે હેતુથી જનજાગૃતિ વિષયક પોસ્ટર લગાડવા માંગ કરવામાં આવી છે જેના થકી ભવિષ્યમાં "ભ્રષ્ટાચારમુક્ત ગુજરાત"ની રચના કરવા માટે અને જનહિત માટે આશિર્વાદરૂપ બનશે તેવો આશાવાદ પણ વ્યક્ત કરવામાં આવ્યો છે.

## આલમપુર રાજધાની રેસીડેન્સી સાઈટ પરથી ૩૫૦ ફર્માની ચોરી

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર-ચિલોડા માર્ગ પર આલમપુર ગામની સીમમાં આવેલી રાજધાની રેસીડેન્સી બાંધકામ સાઈટ પરથી રૂ.૨.૪૫ લાખની કિંમતના લોખંડના ૩૫૦ ફર્માની ચોરી થવા પામી છે. બનાવ અંગે પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ આલમપુર ગામના ઠાકોર વાસ ખાતે રહેતા નિકુલસિંહ સોંલકી કોન્ટ્રાકટરનું કામકાજ કરે છે. હાલ તેઓની સાઈટ રાજધાની રેસીડેન્સી ખાતે ચાલી રહી છે. ત્યારે રાત્રીના ત્રણ વાગે નિકુલસિંહના મોબાઈલ પર રાજધાની રેસીડેન્સી ખાતે સિક્યુરીટી તરીકે ફરજ બજાવતા દિનેશજી ઠાકોરનો ફોન આવ્યો હતો અને જણાવ્યું હતુ કે બાંધકામ સાઈટ પર રહેલા લોખંડના ફર્મા ઓછા છે અને કોઈ શખ્સ ફર્મા ચોરી કરીને લઈ ગયો હોય તેમ લાગે છે. જેથી નિકુલસિંહ અને તેમનો દિકરો તાત્કાલીક સાઈટ પર ગયા હતા.જયાં લોખંડના ૪૫૦ જેટલા ફર્મા હતા તેમાંથી ૩૫૦ ફર્મા ન હતા. જેથી રાત્રીના સમયે કોઈ શખ્સ લોખંડના ફર્માની ચોરી કરી પલાયન થઈ ગયો હોમ તેમ લાગે છે. ગામ તેમજ આસપાસના વિસ્તારમાં પણ લોખંડના ફર્માની શોધખોળ કરી હતી પરંતુ તેમ છતા મળી ન આવતા એક ફર્માના રૂ.૭૦૦ લેખે કુલ ૩૫૦ ફર્માની કિંમત રૂ.૨.૪૫ લાખના ફર્માની ચોરી થતા ચિલોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

# ગુજરાતમાં પણ જુની પેન્શન યોજના પુનઃ લાગુ કરવા તીવ્ર માંગ

**વધતા જતા દબાણને લઈ સરકારે પણ વિચારણા હાથ ધરી હોવાના સંકેતો**

ગાંધીનગર, તા. ૨૬

તાજેતરમાં રાજસ્થાન સરકાર દ્વારા તેમના રાજ્યમાં જૂની પેન્શન યોજના પુનઃ લાગુ કરવામાં આવી છે જેનો અનુલક્ષીને ગુજરાતમાં પણ ધી ગુજરાત સચિવાલય સેક્શન અધિકારી એસોસિએશન દ્વારા રાજ્યમાં નવી પેન્શન યોજના-એનપીએસના સ્થાને જુની પેન્શન યોજના પુનઃ લાગુ કરવા માંગ કરવામાં આવી છે. એસોસિએશનના જણાવ્યા અનુસાર બંધારણની સાતમી અનુસૂચિત હેઠળ રાજ્ય દ્વારા અથવા રાજયના એકીકૃત ભંડોળમાંથી ચૂકવવામાં આવતા પેન્શનનો ઉલ્લેખ, રાજ્ય-સૂચિના વિષયોમાં ૪૨માં સ્થાને કરવામાં આવ્યો છે. જે મુજબ રાજ્ય સેવકોને કરવાની થતી પેન્શનની ચૂકવણી રાજ્ય સરકારના વિષયસૂચિ હેઠળ સમાવેશ થાય છે. જે બાબતે રાજ્ય સરકાર સ્વતંત્રપણે જરૂરી નિર્ણય લઈ શકે છે.

કેન્દ્ર સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલ નવી પેન્શન યોજના (એનપીએસ)ની જોગવાઈઓ મુજબ, રાજ્યો માટે વૈકલ્પિક વ્યવસ્થા અનુસાર તેઓ સ્વેચ્છાએ નવી પેન્શન યોજના અપનાવી શકે છે તેમજ નવી પેન્શન યોજના સંબંધિત કોઈપણ સુચના રાજ્યો માટે લાગુ પાડવાનું ફરજીયાત બનાવેલ નથી. જે ધ્યાને લઈ પશ્ચિમ બંગાળમાં જૂની પેન્શન યોજના હજુ પણ અમલમાં છે અને તાજેતરમાં જ રાજસ્થાન સરકાર દ્વારા જૂની પેન્શન યોજનાનો તા. ૧-૧-૨૦૦૪ની સ્થિતિએ પુનઃ લાગુ કરવાનુ જાહેર કરવામાં આવ્યું છે.

આમ રાજસ્થાન સરકારની જેમ ગુજરાત સરકાર પણ આગામી ૨૦૨૨-૨૩ના બજેટમાં જૂની પેન્શન યોજનાનો (ઓપીએસ) પુનઃ લાગુ કરી તા. ૧-૪-૨૦૦૫ની અસરથી આગામી નાણાંકીય વર્ષથી અમલવારી કરવા અને ગુજરાતના અધિકારી/કર્મચારીઓને લાભ આપવા ધી ગુજરાત સચિવાલય સેક્શન અધિકારી એસોસિએશને વિનંતી કરી છે.

## પલ્સ પોલિયો અભિયાનમાં આજે શહેર-જિલ્લાના બે લાખથી વધુ બાળકોને આવરી લેવામાં આવશે

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લામાં આજે પલ્સ પોલિયો અભિયાન અંતર્ગત બે લાખ ત્રણ હજારથી વધુ બાળકોને આવરી લેવામાં આવશે.

રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ કોમ્યુનીટી સેન્ટર મંત્રી નિવાસ ખાતે પલ્સ પોલિયોના બે ટીપાં પીવડાવી અભિયાનનો રાજ્યવ્યાપી આરંભ કરાવશે.

ગાંધીનગર શહેર-જિલ્લામાં આજે પલ્સ પોલિયો અભિયાનને લઈ ૧ હજારથી વધુ બુથ ઉભા કરવામાં આવશે. ૮૦ થી વધુ મોબાઈલ ટીમો પણ આ અભિયાનમાં જોડવામાં આવી છે.

ગાંધીનગર શહેર-જિલ્લામાં ત્રણ હજારથી વધુ કર્મચારીઓ ફરજ બજાવશે. પલ્સ પોલિયો અભિયાનને લઈ તંત્ર દ્વારા તમામ તૈયારીઓ પૂરી કરી દેવામાં આવી છે.

૦ થી ૫ વર્ષના બાળકોને આવરી લેવામાં આવનાર છે. ગ્રામ્ય વિસ્તારમાં ૧ લાખ ૫૫ હજારથી વધુ અને શહેરમાં ૫૮ હજારથી વધુ બાળકોને આવરી લેવામાં આવશે. આજે પ્રથમ દિવસે વધુમાં વધુ બાળકોને આવરી લેવામાં આવશે. આ પછી ૨૮ અને ૧લી માર્ચના રોજ છુટી ગયેલા બાળકોને ઘરે ઘરે જઈ આવરી લેવામાં આવશે.

# યુક્રેનમાં ફસાયેલા વિદ્યાર્થીઓને સલામત પરત લવાશે : ત્રિવેદી

ગાંધીનગર, તા.૨૬

યુક્રેનમાં ફસાયેલા ગુજરાતના વિદ્યાર્થીઓ મુદ્દે મહેસુલ મંત્રી રાજેન્દ્ર ત્રિવેદીએ આપ્યું મહત્ત્વનું નિવેદન આપ્યું છે. તેમણે મીડિયા સામે જણાવ્યું કે, તમામ વિદ્યાર્થીને સહી સલામત આમદાવાદ લાવવાની કાર્યવાહી કરવામાં આવી છે. આજે એક ફ્લાઈટ ભારત પહોંચશે જેમાં ગુજરાતના ૪૪ વિદ્યાર્થીઓ છે. આ તમામ વિદ્યાર્થીઓને વોલ્વોમાં અમદાવાદ લાવવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, રશિયા દ્વારા યુક્રેન પર હુમલો કરી દેવાતા અમદાવાદ સહિત ગુજરાતમાંથી અભ્યાસ અર્થે યુક્રેન પહોંચેલા સેંકડો વિદ્યાર્થીઓના વાલીઓના જીવ તાળવે ચોંટી ગયા છે. રાજેન્દ્ર ત્રિવેદીએ મીડિયા સામે જણાવ્યું કે, મારી પાસે ૨૧ લોકોના મોબાઈલ નંબર આવ્યા છે. દાહોદના પણ ૬ વિદ્યાર્થીઓની વાત આવી છે. દાહોદના કલેક્ટર સાથે વાત કરી છે અને કલેક્ટરે પણ ત્યાં સંપર્ક કર્યો છે. ભારત સરકારે યુક્રેઈનમાં ફસાયેલા વિદ્યાર્થીઓને હેમખેમ પરત લાવવાનો નિર્ધાર કર્યો છે અને તેના માટે તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. આજે એક ફ્લાઈટ રાત્રે ૨ વાગ્યે દિલ્લી પહોંચશે, જેમાં ગુજરાતના ૪૪ વિદ્યાર્થીઓ છે. ગુજરાતીઓ એટલે સાહસિક અને ગુજરાતના વિદ્યાર્થીઓ પરેશાનીનો મુકાબલો કરી એવા છે. મને એ વાતનો ગર્વ છે.

તેમની સાથે વાત કરતા તેમણે જણાવ્યું કે, અમે સેફ છીએ, ભારત સરકારે પણ તેમની સાથ વાત કરી છે અને કેવી રીતે ત્યાથી કેવી રીતે પરત આવવું તે અંગે માર્ગદર્શન કરવામાં આવ્યું છે અને પ્રયાસ હજી પણ ચાલું છે. તમામ ભારતીયો અને ગુજરાતના વિદ્યાર્થીઓ હેમખેમ પરત ફરશે તેવી મને આશા છે.

ગુજરાતના જે ૪૪ વિદ્યાર્થીઓ આવી રહ્યા છે તેમની માટે નાસ્તો-પાણી સહિતની વ્યવસ્થા કરી દેવામાં આવી છે. ગુજરાત સરકારે આપણા વિદ્યાર્થીઓ માટે પ્રોએક્ટિવ રોલ લીધો છે અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ તરફથી અમારા તમામ અધિકારીઓ દિલ્હી સાથે સતત સંપર્કમાં છે.

રાજેન્દ્ર ત્રિવેદીએ મીડિયાને નિવેદન આપતા કહ્યું કે, હું બધા વિદ્યાર્થીઓ અને તેમના પરિવારને આશ્વાસન આપું છું, કે તમે ચિંતા ના કરશો, તમામ વિદ્યાર્થીઓ પરત હેમખેમ આવશે. આ દરમિયાન કંઈક અજગતુ ન બને તેવી ભગવાનને પ્રાર્થના કરું છું.

ઉલ્લેખનીય છે કે, અમદાવાદ સહિત ગુજરાતમાંથી યુક્રેન ખાતે ઉચ્ચ અભ્યાસ માટે

### દેશ સંરક્ષણ ક્ષેત્રે... ● ત્રીજા પાનાનું ચાલુ

ઉદ્ઘાટન સમારંભમાં પણ હાજર રહેનારા નિવૃત્ત એર માર્શલ આર. કે. ધીરે જણાવ્યું હતું કે, 'રાષ્ટ્રીય સુરક્ષા એ દેશ માટે ખૂબ જ મહત્ત્વપૂર્ણ બાબત છે. સૈન્યશક્તિ, કૂટનીતિ અને આર્થિક શક્તિના સ્તંભો પર જ એક શક્તિશાળી રાષ્ટ્રનું નિર્માણ થાય છે. અસ્તિત્ત્વ ટકાવી રાખવાની જરૂરિયાતમાંથી પેદા થતું સ્વાવલંબન ખૂબ જ નિર્ણાયક છે અને આજે આ ઈન્ડસ્ટ્રીએ આત્મ નિર્ભરતા માટે દેશના બજારો પર દ્રષ્ટિ માંડી છે. સ્વાવલંબન હાંસલ કરવા માટે ઉદ્યોગસાહસિકો અને ઉદ્યોગજગતે હવે પહેલ કરવી જોઈએ. આપણું રાષ્ટ્રીય નેતૃત્ત્વ ભારતને મજબૂત દેશ બનાવવા માટે એક ઈકોસિસ્ટમની રચના કરી રહ્યું છે. અગ્રણી ઉત્પાદનકર્તા કંપનીઓ સંરક્ષણ ઉત્પાદન માટે ટૂંક સમયમાં જ ગુજરાત આવશે. આ તબક્કે વૈજ્ઞાનિકો, ડીઆરડીઓ અને અન્યોએ ભેગા મળીને કામ કરવું પડશે.હ્લ બીજી તરફ, પ્રહ્લાદ કક્કડે ભારતમાં સંરક્ષણ ઉત્પાદનની મહત્તા પર વાત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, 'જ્યારે કોઈ ચીજની ડીઝાઈન સારી રીતે કરવામાં આવી હોય તો તે કામ પણ સારી રીતે કરે છે. આપણે સંરક્ષણ ઉત્પાદન પર ધ્યાન આપવું ખૂબ જ જરૂરી છે. આજે યુદ્ધનો વ્યવસાય વિશ્વયુદ્ધોમાં ટકવા માટે નહીં પરંતુ અર્થતંત્રોને ટકાવવા અંગે છે.' આ સેશન દરમિયાન હાજર રહેલા અતિથિ વક્તાઓમાં ડીફેન્સ ઈન્ટેલિજેન્સ એજન્સીના ભૂતપૂર્વ ડિરેક્ટર જનરલ લેફ્ટેનેન્ટ જનરલ કે. જે. એસ. ધિલ્લોન અને ઈન્ડિયન એર ફૉર્સના વિંગ કમાન્ડર સૌરભ ચૌહાણનો સમાવેશ થાય છે.

### ભિષણ યુદ્ધ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ટાંકીને આ જાણકારી આપી. ફ્રેન્ચ અધિકારીઓએ જણાવ્યું હતું કે યુક્રેનમાં યુદ્ધ સાથે જોડાયેલા વેપાર પ્રતિબંધોનું ઉલ્લંઘન કરવા શંકાસ્પદ જહાજ રશિયન કંપનીનું હોઈ શકે છે. તેને શનિવારે વહેલી સવારે ફ્રેન્ચ મેરીટાઈમ પોલીસ દ્વારા જપ્ત કરવામાં આવ્યું હતું. યુક્રેન પર રશિયાના સતત હુમલા વચ્ચે યુક્રેનના વિદેશ મંત્રી દિમિત્રો કુલેબાએ કિવની એક તસવીર શેર કરી છે. આ ચિત્રમાં નાગરિકો પર રશિયાના હુમલાના સ્પષ્ટ પુરાવા જોવા મળે છે. તસવીરમાં એક બહુમાળી ઈમારત પર રોકેટ હુમલો દેખાય છે. આ દ્વારા મંત્રીએ રશિયાને દુનિયાથી અલગ કરવાની અપીલ કરી છે.

યુક્રેનમાં રશિયાની સૈન્ય કાર્યવાહીથી નારાજ અમેરિકાએ પહેલા આર્થિક પ્રતિબંધો લગાવ્યા હતા. તે જ સમયે, ઉચ્ચ વર્ગના લોકો પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો અને હવે યુએસએ રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન અને વિદેશ મંત્રી લવરોવ પર ટ્રાવેલ પ્રતિબંધની જાહેરાત કરી છે.

દરમિયાનમાં હંગેરીમાં ભારતીય દૂતાવાસે ભારતીયોને યુક્રેનથી હંગેરી થઈને ભારતીયોને બહાર કાઢવા અંગે એડવાઈઝરી જારી કરી છે. યુક્રેનની રાજધાની કિવના મેયરે આજે સાંજે ૫ વાગ્યાથી (સ્થાનિક સમય) શહેરમાં કર્ફ્યુ લાગુ કરવાની જાહેરાત કરી છે. તેમણે કહ્યું કે કર્ફ્યુ રવિવારે સવારે ૮ વાગ્યા સુધી અમલમાં રહેશે. આ દરમિયાન જે કોઈ બહાર દેખાશે તેની ધરપકડ કરવામાં આવશે. મેયરે કહ્યું કે કર્ફ્યુ દરમિયાન જે પણ સામાન્ય નાગરિકો શેરીઓ અને ગલીઓમાં દેખાશે તેને ઘૂસણખોરી ગણવામાં આવશે.

હંગેરીમાં ભારતીય દૂતાવાસે માહિતી આપી છે કે ભારતીય વિદ્યાર્થીઓની બેચ જહોની ક્રોસિંગ પર યુક્રેનથી હંગેરીમાં પ્રવેશી રહી છે. તેઓ હવે બુડાપેસ્ટ જશે જ્યાંથી તેમને આજે એર ઈન્ડિયાના વિમાન દ્વારા ભારત લઈ જવામાં આવશે. સ્લોવાકિયામાં ભારતીય દૂતાવાસે ભારતીયોને યુક્રેનથી ઉઝોરો-વિસ્ને નેમેકે સરહદેથી દેશનિકાલ કરવા માટે એડવાઈઝરી જારી કરી છે. દૂતાવાસે કહ્યું છે કે જે ભારતીય નાગરિકો યુક્રેનમાં અટવાયેલા છે અને આ સરહદેથી બહાર નીકળવા માગે છે તેઓને ગુગલ ફોર્મ ભરવાની વિનંતી કરવામાં આવે છે. જે નાગરિકો બોર્ડર ક્રોસિંગથી દૂર છે તેઓને આ ફોર્મ ભરવાની મનાઈ છે.

### પ્રથમ મહિલા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અને ત્યારબાદ નવ દિવસ પછી પુનઃ ડૉ. નીમાબેન આચાર્યએ નિયમિત અધ્યક્ષપદ સ્વીકાર્યુ હતુ જે હવે ગૃહની બેઠકનું સંચાલન કરશે. આમ વિધાનસભામાં અત્યાર સુધીમાં નવ કાર્યકારી અધ્યક્ષો અધ્યક્ષપદ શોભાવી ચુક્યા છે.

કચ્છમાંથી અધ્યક્ષપદ સંભાળનાર ડૉ. નીમાબેન આચાર્ય ત્રીજા અધ્યક્ષ છે. આ અગાઉ કુન્દનલાલ ધોળકિયા ૧૯૭૭ થી ૧૯૮૦ માં અધ્યક્ષપદ સંભાળ્યુ હતુ. આ પછી ૧૯૯૮થી ૨૦૦૨ દરમ્યાન ધીરૂભાઈ શાહે અધ્યક્ષપદ સંભાળ્યુ હતુ. ભૂજની બેઠક પરથી ચૂંટાયેલા ડૉ. નીમાબેન આચાર્ય બીજા અધ્યક્ષ છે. અગાઉ કુન્દનલાલ ધોળકિયા આ બેઠક પરથી જીત્યા હતા.

વિધાનસભાના અધ્યક્ષપદને સૌથી વધુ સમય ધંધુકા બેઠક પરથી વિજયી થયેલા કોંગ્રેસના નટવરલાલ શાહે શોભાવ્યુ છે. તેઓ ૧૯૮૦ થી ૧૯૯૦ સુધી અધ્યક્ષપદે રહ્યા હતા. રાઘવજીભાઈ લેઉઆએ ૧૯૬૭ થી ૧૯૭૫ સુધી અર્થાત્ ૮ વર્ષ સુધી અધ્યક્ષપદ શોભાવ્યુ હતુ.

સૌથી ઓછો સમય અધ્યક્ષપદ કોંગ્રેસના બરજોરજી પારડીવાળાએ સંભાળ્યુ હતુ. જે બે મહિનાથી થોડો વધુ સમય તેમણે આ પદ સંભાળ્યુ હતુ. વિધાનસભાના પ્રથમ અધ્યક્ષ કલ્યાણજીભાઈ મહેતાએ પણ ત્રણ મહિનાથી થોડો વધુ સમય અધ્યક્ષપદ સંભાળ્યુ હતુ. વજુભાઈ વાળાએ એક વર્ષ અને થોડા વધુ દિવસ અધ્યક્ષપદ સંભાળ્યુ હતુ. શશીકાન્ત લાખાણીએ ૮ માસથી થોડો વધુ સમય અધ્યક્ષપદ સંભાળ્યુ હતુ. ગુમાનસિંહ વાઘેલાએ પણ ૪ માસ જેટલો સમય સુધી અધ્યક્ષપદ સંભાળ્યુ હતુ.

### ગઢીયાઓનો અડ્ડો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છેલ્લા દોઢ દાયકાથી રજુઆતો થાય છે. થોડા સમય અગાઉ એસ ટી ડેપો કક્ષાએથી ડેપોના ગેટ નં -૨ પાસે જગ્યા ફાળવવા માટે પણ નિર્ણય લેવાયો હતો પરંતુ પોલીસતંત્રની નિરસતાના લીધે ડેપોમાં હજુ સુધી ચોકી કાર્યરત ન થઈ હોવાનો સુર ઉઠવા પામ્યો છે. સલાતમી , સુરક્ષા અને સંવેદનશીલતાની વાતો વચ્ચે એસ ટી ડેપોમાં અતિથિ દેવો ભવની ભાવના પણ વિસરાઇ છે. ડેપોમાં આવતા ગાંધીનગરના મહેમાનો આવે ત્યારે કે જાય ત્યારે ગઠીયાઓની અડફેટે ચઢી જાય છે. ગાંધીનગર ડેપોમાં મુસાફરોની સલામતીનો મુદ્દો રામભરોસે છે. ત્યારે એસ ટી ની સવારી હવે જાણે મુસાફરો માટે નહી પરંતુ ખિસ્સાકાતરુઓ માટે જ સલામત હોવાનો રોષ પણ મુસાફરો ઠાલવી રહ્યા છે. એસ ટી અમારી પણ ...ખિસ્સા કાતરુઓની સવારી ..!!